# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ

બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

ઓગષ્ટ-૨૪ | વર્ષ : ૬૧
છેલ્લું વર્ષ | વાર્ષિક લવાજમ રૂા.૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫




**કલમ કડછી બરછીને મુદ્રાલેખ બનાવી**
**શિક્ષણ સેવા સંરક્ષણની**
**જ્યોત પ્રગટાવનાર**
**સ્થાપક તંત્રી શાંતિભાઈને**
**૩૬મી પૂણ્યતિથિએ**
**બરછી પરિવાર તરફથી હૃદયાંજલી!**

## પર્યાવરણ

સ્વાર્થ કાજે માનવે કર્યું પ્રદૂષણ
અંગાર કરે પ્રાણવાયુનું ભક્ષણ
ભેટ કુદરતની સ્વચ્છ પર્યાવરણ
વાયુ પોકારે જો મનુષ્ય જ કારણ
ગંગાના અશ્રુ રે..! નીરમાં સમાયાં
મનુષ્ય મેલ ધોઈ પુણ્ય શું કમાયા?
સ્નાન મનનું કર એમ વદે છે માયા
ગંદવાડના ઠાલવ,તું હવે અકારણ
સુંદર સંગીત કર્ણ શ્રવણ એક દિન
આજ બહેરાશ અને ધરતી ખિન્ન
મનુજ નાસમજ,ઘોંઘાટમાં રે!લીન
ધ્વનિનું રૂદન જાઉં તો કોને શરણ
પર્યાવરણ આવરણ માત ધરા તારૂં
અણીની ઘડી હવે, કહેણ છે મારૂં
રક્ષા કરે જો પર્યાવરણની તો સારૂં
"પ્રાર્થક" ધરણીનાં સ્પર્શે તું ચરણ.

ચિરંતન પટ્ટણી, "પ્રાર્થક" વડોદરા,
M. 91069 55718

કલમ કડછી બરછી ન્યુ અંતિમ પ્રકાશન વર્ષ :

સુજ્ઞ વાચકો,

૧૫ ઑગસ્ટ ૧૯૫૪થી પિતાશ્રી પૂ.મુ.શાંતિભાઈ દ્વારા જ્ઞાતિસેવાના ઉદ્દેશથી મુખપત્ર 'કલમ કડછી બરછી' પ્રકાશનનો આરંભ થયો. વચ્ચે ૧૯૫૭ થી ૧૯૬૭ સુધી પ્રકાશન સ્થગિત થતાં ઑગસ્ટ ૨૦૨૪માં પ્રકાશનના ૬૦ વર્ષ પૂર્ણ કર્યાં. ગૌરવવંતા ૬૧માં વર્ષમાં પ્રવેશ સાથે 'કલમ કડછી બરછી'ની આ સુદીર્ઘ પ્રકાશનયાત્રાને જુલાઈ ૨૦૨૫થી પૂર્ણવિરામ આપી રહ્યા છીએ. ૨૦૨૪ના ઑગસ્ટથી ૨૦૨૫ના જુલાઈનું આ આખરી વર્ષ બની રહેશે. એટલે કે જુલાઈ ૨૦૨૫નો અંક બરછીનો આખરી—અંતીમ અંક હશે.

કલમ કડછી બરછી શાંતિભાઈને હૃદયસ્થ/પ્રાણપ્રિય હતું. તેઓએ ૧૯૬૮માં સેવાનિવૃત્ત થતાં રાજકોટ પુનરાગમન થતાં સાથે જ બરછી પ્રકાશન પુનર્જીવિત કર્યું અને ૧૯૮૮માં જીવનલીલા સંકેલી ત્યાં સુધી 'કલમ કડછી બરછી'માં ઓતપ્રોત રહ્યા. એમની નિશ્રામાં રહી અમે સહુ — ધોળકિયા વટવૃક્ષનાં જ્ઞાતિગંગામાં ભાવનાત્મક તાણાંવાણાં મજબૂત બન્યાં.અમારૂં emotional attachment છે; સ્વાભાવિક રહે જ !,પરંતુ પેઢી દર પેઢી આચાર-વિચારમાં આવતા બદલાવ તથા Social Mediaના પ્રભાવ—વર્ચસ્વના નવા યુગમાં Print Mediaની અનિવાર્યતા રહી નથી. વળી કૉરૉના મહામારી બાદ સંનિષ્ઠ પ્રતિનિધિઓની મળતી બંધ થઈ ગયેલ સેવા,સમાચારવાચક જ્ઞાતિજનોની ઘટતી સંખ્યાને કારણે ઘટી રહેલ નકલની સંખ્યા, પરિણામે વધતા જતા ખર્ચ જેવા કારણોસર પ્રકાશન થંભાવી દેવા ભારે હૃદયે નિર્ણય કર્યો છે.

મુ.શાંતિભાઈ જેવા જોમ-જુસ્સા નિષ્ઠા, પારદર્શિતા, તટસ્થતા, સત્ય, સમયપાલન જેવી પ્રતિબદ્ધતાનું જતન કરવામાં હું ઊણો ઉતર્યો છું તેમ લાગ્યા કરે, છતાં તંત્રીસ્થાનના ૩૬ વર્ષના સમયગાળા દરમ્યાન બરછી દ્વારા સમસ્ત જ્ઞાતિના લાભાર્થે, જ્ઞાતિજનોના સમાચારો જ્ઞાતિ સુધી પહોંચાડી સંપર્ક સેતુ રચવાના, લગ્ન વિષયક જાહેરાતો દ્વારા લગ્ન સમસ્યામાં ઉપયોગી થવાના, સંસ્થા સમાચારો દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, શિષ્યવૃત્તિઓ પરિતોષિકો મેડિકલ અન્ય સહાય અંગેની માહિતી જ્ઞાતિજનો સુધી પહોંચાડવા, અનેક ક્ષેત્રની તેજસ્વી પ્રતિભાઓને ઉજાગર કરવાના, જાણીતા નવોદિત લેખકો કવિઓની ઉત્તમ રચનાઓ પ્રકાશિત કરી અન્યને પ્રેરિત કરવાના યથાશક્તિ પ્રયાસ કરી ઉત્તરદાયિત્વ નિભાવ્યું છે.

આ માધ્યમ થકી સૌનો અપાર સ્નેહ આદર, માન સન્માન સાથે બરછીના તંત્રી તરીકેની આગવી ઓળખ મેળવવા સદભાગી થયો. કૃતજ્ઞતા સહ અહોભાવ.

અંતમાં- જ્ઞાતિજનોએ દેશ-વિદેશમાં મેળવેલ સિદ્ધિ સફળતા,શ્રેષ્ઠ વાંચન સાહિત્ય, ભવિષ્યમાં ઉપયોગી થાય માહિતીપ્રદ લેખો વગેરે પ્રગટ કરી જ્ઞાતિની દરેક ક્ષેત્રની શ્રેષ્ઠતાને બરછીના આ છેલ્લા વર્ષ દરમિયાન, ઉજાગર કરી આ યજ્ઞકાર્યની પૂર્ણાહુતિ કરવાની નેમ છે. આ નિરપેક્ષ ઉદેશમાં સમસ્ત જ્ઞાતિબંધુઓ, લેખકો-કવિઓ, વડીલોને યોગદાન આપવા ઇજન સાથે વિનંતી પણ છે.

મારા મો.નં.૯૪૨૮૭૦૦૧૦૫ ઉપર whatsapp દ્વારા આપની લેખન સામગ્રી મોકલી આપશોજી.

'કલમ કડછી બરછી'નું સમાપન કરવાને તકાજે સ્થાપક તંત્રી સ્વ.મુ.શાંતિભાઈ, જેમની ગત વર્ષે વિદાય થઈ; એક સમયના બરછીના તંત્રી પથદર્શક એવા વડીલબંધુ મુ.મહેશભાઈ સહિત કુટુંબના દિવંગત વડીલોને અંજલિ અર્પણ કરું છું. ઇષ્ટદેવ શ્રી હાટકેશ તથા જ્ઞાતિસમાજને પ્રણામ, કોટિ કોટિ નમન.

- વિરેન શાંતિભાઈ ધોળકિયા- તંત્રી

**<u>જ્ઞાતિ ગૌરવ</u> :** યુ.એસ.એ.ખાતે Winder Universityના લેક્ચરર તરીકે કાર્યરત કુ.ડો.કૃપા (Doctorate in Health Science) (મુંબઈ સ્થિત શ્રીમતી રેણુ તથા હિમાંશુ ધોળકિયા નાં પુત્રી)નેઅમેરિકન સરકારનો પ્રતિષ્ઠિત પુરસ્કાર Fulbright Scholarship - 2024-25 આપવામાં આવ્યો. ઉલ્લેખનીય છે કે ડો.કૃપા અમેરિકામાં Physiotherapist તરીકેનો બહોળો અનુભવ ધરાવે છે. દસ માસ માટે Kigali-Rawanda (Africa) માં દસ માસ માટે ટ્યૂટર તરીકે જશે.તાજેતરમાં જ તેઓ જમૈકા યુનિવર્સિટીમાં External Examiner તરીકે પોતાની સેવાઓ આપવા જઈ આવ્યાં.



વિદેશમાં જ્ઞાતિને ગૌરવ બક્ષનાર ડો.કૃપાને અભિનંદન– શુભકામનાઓ!



અમદાવાદ સ્થિત અંકિતા અને બીરેન વસાવડાનાં પુત્રી કુ. પ્રિશા તાજેતરમાં લેવાયેલ ધોરણ–૧૨ની પરીક્ષા ૮૪% સાથે ઉત્તીર્ણ કરી મુંબઈની જાણીતી 'હોટેલ ઓબેરોય સેરેટોન' ખાતે ત્રણ વર્ષના હોટેલ મેનેજમેન્ટના અભ્યાસ ક્રમમાં પ્રવેશ મેળવ્યો છે. અભ્યાસ માં તેજસ્વીતા સાથે તેણી બોકસીંગમાં અવ્વલ રહી નેશનલ લેવલે ભાગ લઈ આવ્યાં છે. તેમ જ ધોરણ–૧૦માં અભ્યાસ કરતો પુત્ર અંશ પણ બોકસીંગમાં અગ્ર સ્થાને રહી નેશનલ લેવલે ભાગ લઈ આવેલ છે.અત્રે આ વિશેષ ઉલ્લેખનીય એ માટે છે કે પિતા શ્રી બીરેનભાઈનું પાંચ વર્ષ પહેલાં નિધન થતાં માતા અંકિતાબેને સંન્નિષ્ઠતા સાથે નોકરી અને કૌટુંબિક ફરજો નિભાવી, તેઓ અને દાદી જાગૃતિબેને બંને સંતાનોને શિક્ષણ, કેળવણી સાથે યોગ્ય ઘડતર કરી આ કક્ષાએ પહોંચાડયાં છે. આમ,જ્ઞાતિની બહેનો માટે એક પ્રેરક ઉદાહરણ પૂરૂં પાડયું છે.

- વિશ્વાસ એક વખત થાય બીજી વખત તો અપેક્ષા કહેવાય.
- સમય નો પણ ગજબ ઇતિહાસ છે..કોઈ નો પસાર થતો નથી, તો કોઈની પાસે હોતો નથી.
- સુખી થવાના બે ઉપાય, થોડું જતું કરવું અને થોડું જાતે કરવું.

**<u>અમદાવાદ :</u>** અત્રેના શ્રી રાજેશભાઈ તથા કુંજનબેન ધોળકિયાનાં પુત્રી કુ. યેશા ધોળકિયાએ દભભતઢ.નઈ ની પરીક્ષા ૯૫ પી.આર.મેળવી ઉત્તીર્ણ કરી.

**<u>સંસ્થા નોંધ :</u>** શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળની યાદી જણાવે છે કે ધોરણ–૧૨ પછીના મેડીકલ, એન્જીનિયરીંગ,મેનેજમેન્ટ તથા અન્ય ઉચ્ચ અભ્યાસ માટે આપવામાં આવતી શિષ્યવૃત્તી(સ્કોલરશીપ)ના ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦ સપ્ટેમ્બર રાખવામાં આવી છે.

આ અરજી–ફોર્મ મંડળની વેબસાઈટ ksvnagarmandal.com ઉપરથી ડાઉનલોડ કરી, તેમાં જરૂરી બિડાણ સાથે શ્રી અતુલભાઈ કિકાણી ૩૦૧ જીવનધામ એપા.વીમાનગર પાસે,આઝાદ સોસાયટી પાછળ, અમદાવાદ–૩૬૦ ૦૧૫ને સરનામે રૂબરૂ કે પોસ્ટ દ્વારા તા.૩૦/૯ સુધીમાં પહોંચાડવાના રહેશે.વધુ માહિતી માટે મો.નં.૮૧૪૦૬૪૪૯૪૪ ઉપર તેઓનો સંપર્ક કરશો.

<u>પુસ્તક પરિચય :</u>

## 'શ્રી ગીતા અધ્યયન'

શ્રી સવાઈલાલભાઈ દુર્લભદાસ રાણા દ્વારા શ્રીકૃષ્ણ ભગવાનનો સંદેશ વિશિષ્ટ રીતે સમજાવતું રાણા પરિવાર દ્વારા પ્રકાશિત દળદાર પુસ્તક 'શ્રી ગીતા અધ્યયન' તાજેતરમાં અમને મળ્યું. રાણા પરિવાર દ્વારા જાણે કે 'નિર્લેપ રહી નિસ્વાર્થ ભાવે શ્રેષ્ઠ કર્મ કરવાના' શ્રીકૃષ્ણના સંદેશને અનુસરીને ખૂબ મહેનત અને ઘણી ચીવટ સાથે, ઉત્તમ કાગળમાં ગુજરાતી તથા સાથે સંસ્કૃતમાં સ્વચ્છ સુઘડ પ્રિન્ટિંગ, આકર્ષક ટાઈટલ સાથેનું ૩૫૩ પાનાનું આ પુસ્તક 'શ્રી ગીતા અધ્યયન' તૈયાર કરવામાં આવ્યું છે.

કુલ ૩૪ પ્રકરણમાં આમજન સરળતાથી સમજી શકે તેવી શૈલીમાં શ્રી ગીતાજીનું મહત્વ સમજાવી ૧૮ અધ્યાયનો ટૂંકસાર આપ્યો છે બાદમાં મુખ્ય અધ્યાયો, કર્મયોગ જ્ઞાનયોગ અને ભક્તિયોગ સાથે આત્મા, મૃત્યુ અને મોક્ષ વિશે સમજણ આપવામાં આવી છે. આ ઉપરાંત શ્રી ગીતાજીના ૧૮ અધ્યાયનું સંસ્કૃતમાં શ્લોક સાથે કાવ્યમય ગુજરાતી ભાષાંતર, ગીતાજીના યાદ રાખવા યોગ્ય ૧૦૦ વચનો, લોક શિક્ષણ માટે યાદ રાખવા જેવા ૧૫૦ વચનામૃતો, ૧૦૮ શ્લોકની ગીત માળા, સંસ્કૃત અને ગુજરાતીમાં ગીતા બોધ, દિવ્ય જીવન પર નિબંધ જેવા કુલ ૧૪ નિબંધ અને કાવ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- એકલતા કરતાં એકાંત સારું, એકલતા આપણને ખાઈ જાય છે જ્યારે એકાંત એકલતાને.
- કહેતા નહીં ઈશ્વરને કે સમસ્યા વિકટ છે, કહી દો સમસ્યાને કે ઈશ્વર તમારી નિકટ છે.
- પરસેવાની કમાણી 'પર સેવા' માટે ઉપયોગમાં લો તો 'પર સેવા' લેવાની કદી જરૂર નહીં પડે.



પુસ્તકની કિંમત રૂ. ૪૦૦/- નિયત કરવામાં આવી છે પરંતુ જીવન જીવવાની શીખ અને આત્મિક કલ્યાણ માટે પથદર્શક એવું આ પુસ્તક કિંમત કરતાં અનેકગણું મૂલ્યવાન છે.

'શ્રી ગીતા અધ્યયન' પુસ્તક મેળવવા - ડૉ. પ્રફુલ્લ કે. રાણા (વડોદરા) ૯૪૨૬૨ ૩૧૩૫૬/ મહેશ કે. રાણા (વડોદરા) ૯૪૨૭૩ ૪૨૧૨૮ / ડો. મધુ કે. રાણા ૭૯૯૦૭૮૭૬૮૪ / ધીરેન્દ્ર. કે રાણા +૨૫૪૭૧૭૭૯૪૬૬૬ / શ્રીમતી રેખા પી. વોરા (રાજકોટ) ૯૪૨૭૭ ૨૦૮૮૨ નો સંપર્ક કરશી.

---

**<u>નોંધ લેશો કે...</u>**(૧) આ છેલ્લા વર્ષ માટે ઓગષ્ટથી જૂલાઈના વર્ષનું લવાજમ સ્વીકારવામાં આવે છે.. બરછી પોસ્ટ/ કુરિઅરના વિકલ્પમાં આપે જે રીતે લવાજમ ભર્યુ હોય તે મુજબ મોકલવામાં આવે છે. મેઈલીંગ પ્રોગ્રામમાં પણ પોસ્ટ/ કુરિયરના વિકલ્પ મુજબ બંનેની અલગ એડ્રેસ સ્લીપની પ્રિન્ટ નીકળે છે. વોટસએપનો ઓટો મેસેજ પણ મેઈલીંગ લીસ્ટ માંથી પહોંચ રૂપે મોકલવામાં આવે છે. <u>કુરિયર દ્વારા અંક ન મળે તો</u> જાણ કરશો જ. જેથી કુરિયરને ફરિયાદ કરી શકાય અને ફરીથી/ બીજા માસના અંક સાથે મોકલી શકાય. સરનામામાં ફેરફાર <u>હોય તો</u> ગ્રાહક નંબર અથવા નામ સાથે તુરત મને મો.નં. ૯૪૨૮૭૦૦૧૦૫ ઉપર જાણ કરશો. સમાચાર,લગ્ન વિષયક જાહેરાત પણ આ નં. ઉપર લખી મોકલી શકો છો.**(૨) આપની એડ્રેસ સ્લીપમાં ગ્રાહક નંબર સાથે લવાજમ ક્યાં સુધી રીન્યુ છે તે પણ બતાવે છે. –તંત્રી.**

હાસ્ય મેવ જયતે :

## સારું નામ તો સર્યું કામ... - મહેશ ધોળકિયા

શેક્સપિયર શું હતો અને શું ન હતો એ બાબતે એટલું તો સંશોધન -સંપાદન- સાહિત્ય ઉપલબ્ધ છે કે, તેની જ એક આખી યુનિવર્સિટી સ્થાપી શકાય, છતાં એ મહામેધાવી સર્જક વિશે એક વાત લખવી રહી ગઈ હોય એમ લાગે છે.અને તે એ કે એ ભાઈ થોડા ચક્રમ હતા- છટકેલ ભેજાના! કદાચ એવું જ કોઈ એને આમ પીછાણી શકે એવા ખ્યાલથી સૌ મૂંગા રહ્યા હશે!

અહીં તમે જરૂર કહેવાના કે આ વાત થઈને તમે (એટલે કે અમે) શી મોટી ધાડ મારી? કોઈપણ કવિ-કલાકાર એક યા બીજી રીતે થોડો પગલો તો લાગવાનો જ. કહ્યું છે ને 'પોએટ્સ, લવર્સ એન્ડ લ્યુનેટીક્સ આર ઓલ મેડ' એમ જોતા બાવળા નો બળ આપો કાઢતો કોઈ બટુક -કવિ કે પાટણનો કોઈ પા પા પગલીયો શાયર બાવલો તો લાગવાનો જ. તો આ તો શહેનશાએ શાયરી- શેક્સપિયર! -પણ ના એ રીતે નહીં. આ માણસ તો રીતસર ભેજા ગેપ જેવી વાત લખે છે. પાગલ પણ આટલો તો ના સમજ ન હોય (ભારતીય પાગલ તો નહીં જ!) એમ આપણને થાય.

તેનો એક જ ઉદગાર લઈએ 'વોટ ઇઝ એને નેઈમ?

લો, ઘસડી કાઢ્યું ઘાસીરામે. નામમાં શું (દાટ્યું) છે? મતલબ કે નામમાં કંઈ જ નથી. બસ કામથી કામ છે. ગુલાબને બીજા કોઈ પણ નામ પુકારો, સુવાસ તો એની એ જ- એમ પાછી દ્રષ્ટાંત દઈને પોતાની બિસ્માર વાત નો (લૂલો) બચાવ કરે છે! માનવ સ્વભાવના આ કવિ શ્રેષ્ઠના અજ્ઞાન પર હસવું કે રડવું?

- વીતેલા સમયને નહિ, તેમાંથી મળેલા અનુભવ ને યાદ રાખવો.
- રોજ જમવા બેસું ને મને એક વાત સતાવે, ચાર રોટલી મને કેવો દિવસ રાત ભગાવે.
- ઘણી ભૂલો ભૂલવા માટે હોય છે અને ઘણી ભૂલો અનુભવ માટે.



એથીયે મોટી ખીજ શેક્સપિયર પર એ બાબતની ચડે છે કે, તે બધા વાચકોને પોતાની કક્ષાના માની લઈને અષ્ટમપસ્ટમ વિચારો ગબડાવે જાય છે. એના જેવા વિચાક્ષણ નાટ્યકારને એટલી ખબર હોવી જોઈએ કે આવી અસાધારણ ઉક્તિને વિકૃત રીતે વાપરનારા વગર સમજીએ ટાંકનારા- ભોંકનારા અને ભૂકનારા જડબુદ્ધિઓની જમાત ભેગી થઈને કવિની ખુદની પ્રભાને જ હણી નાખશે?

અમારી શાળાના અંગ્રેજીના શિક્ષક વેલજી માસ્તર. જેમણે મામલતદારને અરજી કરી પોતાનું 'વિજય' એમ નામ બદલેલું. તે પિરિયડમાં પાંચ પાંચ વખત (જાણે નમાઝ) આ વાક્યનો એ રીતે પોપટપાઠ કરતા,જાણે જગતને કોઈ અલૌકિક દર્શન આપતા હોય!

એકવાર વર્ગમાં તેમણે પૂછ્યું,'આ પંક્તિ વિશ્વના એક શ્રેષ્ઠ નાટ્ય લેખકની છે. એનું નામ કોઈ કહેશે?

મેં કહ્યું 'ટેક્સપેયર'.

'ટેક્સપેયર? સાચો ઉચ્ચાર કર મૂરખા ! એના એક નાટકનું નામ બોલ જોઉં'.

'હેલ્મેટ' અમે ઓચર્યા અને એ ઊછળ્યા -

'અરે બોઘા! ટેક્સપેયર નહીં શેક્સ પિયર એનું નામ છે અને નાટકનું સાચું નામ છે હેમ્લેટ.'

એ તો 'હેમ્લેટ' અને 'હેલ્મેટ' બધું એક જ અમે જીદ કરી અને માસ્ટર બગડ્યા -'અક્કલના-' વેલજી માસ્તર ઉર્ફે વિજય સર પછી વર્ગ છોડીને ચાલ્યા ગયેલા. ત્યારે જ અમને વહેમ તો પડેલો નામમાં કંઈક તો જરૂર હોવું જોઈએ; આગળ ભણતાં સમજાયું કે નામમાં ઘણું બધું છે. જીવનમાં પડતાં પડતાં અમને પ્રતિત થઈ કે નામમાં બધું છે; અને આજે અનુભવ થાય છે કે નામની બહાર કંઈ જ નથી- 'નામમ બ્રહ્મમ'!

શેક્સપિયર ભારતીય નહિ, એટલે આધ્યાત્મિક અનુભવની આ ઊંચાઈને એ ન આંબી શકે, તે સમજાય તેવું ને તેથી ક્ષમ્ય છે; પણ સર્જક તરીકે પોતાના સરળ સમયની પાર તેણે આર્ષદર્શન તો કરવું જોઈએ ને? સમજ્યા, કે એના જમાનામાં નારી રમણીય જ હશે એટલે એને સુરેખા કે ચારુલ જેવા સંબોધન સૌંદર્યના બોનસ પર નભવાનું ન રહે; એ જ રીતે પુરુષ માત્ર એ સમયે વીર અને પરાક્રમી હશે -વિક્રમસિંહ કહેવાથી એની વિશેષ પીછાણ પ્રાપ્ત થતી નહીં હોય; ઉપરાંત ત્યારે સાસુ ઉદાર અને શીળી જ હશે-ચંદન બા હો યા સુરજબા જે નામ હોય તે !

દુઃખ એક જ વાતનું કે, ચાર જ સદીના આપણા જીવન વિકાસે શેક્સપિયર ને 'આઉટ' કરી નાખ્યો ! એની સર્જકતા સધ્ધર પણ શાણપણ? શૂન્ય! એના કરતાં અમારા પાંડુરંગ શાસ્ત્રીને સમજું નહીં ? સારા સારા ઊચાં ઉંચાં મીઠાં મીઠાં નામ આપવાની તેમની રીત જુઓ. સુરત ખાતેના એક સંમેલનમાં તેમણે 'હીરાઘસુ' ને 'રત્નકલાકાર' તરીકે સંબોધ્યા. કેટલી સમુચિત ને સુંદર યોજના? શેક્સપિયર ના નામ માં શું છે એ પ્રશ્નનો અહીં સમયાનુરૂપ સંગીન જવાબ જડી આવે. કોઈપણ વાસ્તવિક વિટંબણાને વિશારે પાડવા માટે એના નામને નવો ટોપ આપવાની આ દ્રષ્ટિમાં જ ખરી ક્રાંતિ ભ્રાંતિ નથી શું? દાખલા તરીકે હીરાઘસુ એવા નામનો ઉચ્ચાર ગંદો લાગે છે, એમાંનો ઘસૂ ધ્વનિ અસુભગ લાગે છે ને તેનો અર્થ હીન કક્ષાનો ભાસે છે. એને બદલે ‘રત્નકલાકાર’ નામ ઉચ્ચારો જોઈએ ! જાણે રત્નનો ઝળહળાટ પ્રસરતો હોય; ઉન્નતીનો ભાવ પ્રગટતો હોય, એવો એનો નિનાદ છે. જમાનાની આ માંગ છે- શ્રમ કરનાર, નીચે કચડનાર વ્યક્તિની ખરેખરી દશા (તેને પણ) યાદ ન રહે, એ રીતે નૂતન નામાભિધાન દ્વારા ચમકતા સૌંદર્યનો પુટ રચવો ને એમાં જ રાચવું રચાવવું, નાચવું નચાવવું !

ગાંધીજીએ પણ આવો જાદુ જગાવેલો- ભંગીને 'હરીજન' એવું રૂડું નામ આપવાનો-જેનો

- દુઃખ બધું દીવાલોનું છે...ખુલ્લા રહો તો જિંદગીના કોઇ ધરતીકંપ તમને હચમચાવી નહી શકે.
- મને મારું એકાંત બહુ વહાલું છે, કારણકે ત્યાં મહત્વ બસ મારું છે.
- ક્યારેક હું ન કહું તો સમજી જજે અને ક્યારેક હું ન સમજુ તો કહી જજે.-" આ વાત સમજે તે અંગત.



પ્રભાવ હવે તો આપણે ક્ષેત્રે ક્ષેત્રે વિસ્તાર્યો છે. 'નવજીવન' અને 'સર્વોદય'ની વિભાવનાની ગતિ આપણે બે સુપરફાસ્ટ ગાડીઓમાં કન્વર્ટ કરી નાખી છે. આવા નામકામણને પરિણામે તો આજે માસ્તરને 'અધ્યાપક' કહીને આપણે તેનો આદર કર્યાનો સંતોષ લઈએ છીએ એ પોતે ટ્યુશનને 'કોચિંગ' એવું મોહક નામ આપી પોતાની અવહેલનાને ઢાંકે કે છે; એ જ રીતે 'બૈરી'ને હવે 'ગૃહિણી' કે અર્ધાંગનાનું લેબલ લગાડી એની ગુલામી માં થોડી ગુલામી ઉમેરવામાં આવે છે; 'મજુર' કે 'કામદાર'ને નામાભિધાન કર્યું એટલે એના શોષણનો ડંખ નરમ પડ્યો જ ! અને ભવૈયા ને અભિનેતા કહેવાથી સમાજ ને તેમના પ્રત્યેની જવાબદારીમાંથી છુટકારો મળી ગયો ને? લાંચ?! લાંચ હવે ક્યાં કશે લેવાય જ છે ! (ખૂદ મિનિસ્ટર એસેમ્બલી) માં હિંમતથી એ વાતને રદિયો આપે છે !) આ તો બક્ષિસ રાજીપાનો સોદો !

નામની અસર મનોવૈજ્ઞાનિક રીતે અદ્ભુત હોય છે. 'કરચોર' ને સમાજ 'ગેરરીતિ આચરનાર' જેવા કોઈ મુલાયમ નામથી નવાજે, તો કરચોરી આસાનીથી ફાલવાની; 'ડાકુ' ને 'આતંકવાદી' કહેવાથી ખૂનરેજી ઘટતી નથી. (ઈતિહાસ ગવાહ) છે. 'ગદ્દાર' કે 'દેશદ્રોહી' શબ્દમાં જે જાહેર કલંકનો દાગ છે, તેનો 'ભાગલાવાદી શબ્દમાં ભાગાકાર થઈ જાય છે. સમજી લઈએ કે નરનારીના દેહસબંધને વકરવા દેવા હોય તો 'સંભોગ' માટે 'દેહપૂજા' જેવો બીજો પવિત્ર શબ્દ મળશે ખરો ?



- કામથી નિવૃત્ત લોકો મનથી પ્રવૃત્ત હોવા જરૂરી છે.
- થાય તેટલું કામ કરીએ અને કરીએ તેટલું કામ થાય. આ ભેદ જેને સમજાય તેની જિંદગી સફળ થાય.
- શાંતિ આવે છે અંદરથી અને આપણે શોધીએ છીએ બહાર.

મારા એક દોસ્તને લગ્ન બાદ પોતાના પિતા સાથે જબરી અંટસ પડેલી. એવી સખત કે મને જ્યારે મળે ત્યારે પિતા સામેનો ઉદ્વેગ ઠાલવે. નવાઈ મને એ લાગી કે એ વખતે તેમનો તે 'ફાધર' તરીકે જ ઉલ્લેખ કરે માને 'મધર' તરીકે નિર્દેશી તેનું વાંકું બોલે. મને થયું પ્યોર ગુજરાતી માધ્યમ વાળો, ગરીબ વર્ગનો આ સાધારણ જણ, અને આ શું ફાધર-મધર; બા બાપાને બદલે ? થોડા સમય પહેલા એક વિચારકે ગુજરાતીઓ ની આવી વિભાષા પરસ્તી વિશે ઘસાતું લખેલું. બા- બાપા કહેવામાં શરમ અનુભવવા બદલ તેમને તેમણે યુવકોની ઝાટકણી કાઢેલી; પણ વાત જરા જુદી છે, સૂક્ષ્મ છે. પ્રેમના અભાવનું, બિનંગત અંતર પ્રગટવાનું એ પરિણામ છે. 'ફાધર' કહીને પહેલાં એક માનસિક અલગાવ ઊભો કરવામાં આવે છે અને પછી તો-

બોલો, શેક્સપિયર સા'બ ! બોલાવીએ તમને પ્લેન્ચેટ પર, પણ હૈયે હાથ મૂકીને જવાબ આપજો કે નામમાં કેવો છે કરિશ્મા !

વ્હોટ ઇઝ ઇન અ નેઈમ ?

નેમ ધ રિયલ ગેમ !

અમારી કોલેજના ચોકીદાર નિવૃત્ત થયા. ત્યારે પ્રિન્સિપાલ અને સ્ટાફના સભ્યોએ તેમને વિદાય-માન આપ્યું, એ પ્રસંગે તેમને બહુ સહજ ભાવે જે વાત કહી તે શેક્સપિયરને પુનર્વિચાર કરતો કરી દે તેવી છે. તેમણે રાજીપા સાથે કહ્યું કે, વર્ષોથી આ કોલેજમાં નોકરી કરૂં છું પણ કોઈ પ્રિન્સિપાલ કે પ્રોફેસરે મને 'ચોકીદાર' તરીકે નથી બોલાવ્યો બધા મને 'દરબાર' કહે છે.

જબરી વાત કરી દરબારે, કે કામનું કોઈ મહત્વ જ ક્યાં છે ? નામ મોટું જોઈએ. જો પદનામ ભવ્ય તો જાત્રા ભયો ભયો. ચોકીદાર? છઠ! કરીએ તો ચોકી જ પણ કહેવાઈ 'સિક્યુરિટી ગાર્ડ'.! વટ પડવો જોઈએ. કામથી નહીં નામથી. ભારતીય નામ પણ ચલાવીએ, જો અંગ્રેજીને આંટી ફેરવે એવાં ભવ્ય ભવ્ય મોભર હોય !'સુરક્ષા અધિકારી.' એ જ રીતે 'હમાલ' નહિ, 'સફાઈ સ્ટાફ' !

આ શુભનામ સંકીર્તન હેઠેથી ઉપર, અને ઉપરથી આસપાસ ચોક્કસમાં પ્રસરેલ છે. કારકુન શાના વળી ? વહીવટી વ્યવસ્થાપક. અવલ કારકુન? ભૂલી જાવ ભઈલા! નાયબ મામલતદાર કહો! મામલતદારનો પછી શું ગુનો? એ કહેવાય મહેસુલ અધિકારી યા તો ઓર છલાંગ આસિસ્ટન્ટ ડેપ્યુટી કલેક્ટર! એની માથેનો થયો જોઈન્ટ કલેકટર- સંયુક્ત સમાહર્તા ! આ દોડમાં માસ્તર પાછળ રહે ખરા ?એ બન્યા ઉપાચાર્ય હવે આચાર્યને કીડી ચટકે જ ને? મારો પાટીયું -'પ્રાચાર્ય.' નામનો આ રેલો કેળવણી નિરીક્ષક તળે આવ્યો, તો એ ઊડીને થયા -જિલ્લા શિક્ષણાધિકારી. પદની ચઢતી ભાંજણીના સંમોહન - કોષ્ટક માંથી એક બાબત બરાબર તરી આવે છે કે પ્રત્યેક સોપાનની ઓળખ ઉપરના હોદ્દા વાચક પદનામ સાથે જોડાયેલી છે. એનો અર્થ એ થયો કે પ્રત્યક્ષ સ્થાન પરનો આદમી મનોમન, ક્યારેક તો તનોતન ઉપલી પાયરીનું સ્વપ્ન નિહાળે છે; અને સ્વપ્નનો જોનાર, જે જગ્યાનું સ્વપ્ન જુએ છે. ત્યાં તો નથી જ હોતો (નહીંતર સ્વપ્નની જરૂર શી છે?) અને વળી ત્યાં પણ નથી હોતો, જ્યાં તે વાસ્તવમાં છે; કેમકે તે સ્વપ્નલીન છે, જાગ્રત નથી.




આમ, આખો જમાનો શમણામાં સંગ્રસ્ત છે.

મજેદાર નામ એ શમણામાં અલૌકિક રંગ પૂરે છે.

અને સંસાર જો સ્વપ્ન છે, તો સારાં સારાં નામથી તેને સજાવવો એ જ કામ !

**વાંચનરસિક સાથે લેખનનો સારો મહાવરો ધરાવતા સંન્નિષ્ઠ શિક્ષક, અમારા શુભેચ્છક મિત્ર એવા રાજકોટના યજ્ઞેશ માંકડ તરફથી જીવનના અનુભવના નિચોડ માંથી મળેલાં જીવનમાં અપનાવવા જેવાં સૂત્રો વ્હોટસએપ દ્વારા દરરોજ મળે, જે આ અંકના દરેક પાના ઉપર બોક્સમાં સાભાર મૂકવામાં આવ્યાં છે. –વિરેન શાં.ધોળકિયા.**

# "ખોલોટો" (તો, મોઢું!)

નવનીતનો ફોન આવ્યો:

"dp,તારે 'પેરેન્ટિંગ'ના સેમીનારમાં આવવું છે? તો મારી સાથે તારું પણ રજીસ્ટ્રેશન કરાવી દઉં."

dp:"હવે પાકે ઘડે કાંઠા ન ચડે! તારે નયન તો મોટો થઈ ગયો,તું શું પ્રાયશ્ચિત કરવા માંગે છે?!"

nt:"મને હતું જ કે તું મારી વાતને ઉડાડી દઈશ.

આપણે કાંઈક નવું જાણવામાં શું વાંધો?"

dp:"અરે ભાઈ,'સોફ્ટવેર' અંગેના અજ્ઞાની હોય ત્યાં તે અંગેના જ્ઞાની ભૂખ્યા ન મરે!

આ 'સોફ્ટવેર' નો જમાનો છે,આપણાં માનસિક સોફ્ટવેર ને અપડેટ કરવા અને કાળને અનુલક્ષીને નવી-નવી 'એપ્લિકેશન' ડાઉનલોડ કરવી પડે.તે રીતે તું સાચો છે,પણ મારી બહુ ઈચ્છા નથી."

nt:"ઓકે.dp તને નથી લાગતું કે આપણી પેઢીની રહેણી-કરણી,આચાર-વિચાર વિગેરેમાં ખામીને કારણે આપણાં બાળકોમાં સમજણશક્તિ યોગ્ય માત્રમાં ઇન્સ્ટોલ થઈ નથી! વળી આપણે 'સ્પેર ધ રોડ એન્ડ સ્પોઇલ ધ ચાઈલ્ડ'ની રીતિ-નીતિ અપનાવી હોય તેમ નથી લાગતું? આ માટે બાળકો અને યંગસ્ટર્સ માટે કેટલા બધા મોટીવેશનલ પ્રોગ્રામો ચાલે છે."

dp:"હા,અમુક અંશે તું સાચો છે, પણ હકીકત એ છે કે 'ઓનલાઈન' એ આ સદીનો મોટો અને ખતરનાક આળસ રૂપી ખલનાયક છે!

- પોતે પોતાના વખાણ કરે તેને ઘમંડ કહેવાય અને બીજા વખાણ કરે તો તેને ગર્વ કહેવાય.
- નાના હતાં ત્યારે શબ્દોથી રમત રમતા અને મોટાં થઈ ગયાં પછી શબ્દોની રમત રમવા લાગ્યા.
- ઘડિયાળ સમય બતાવે છે પણ સમય સાચવવો તો આપણે જ પડે છે



આ ખલનાયકને ખાળવા,આવા બધા પ્રોગ્રામ દ્વારા બધું એક્ટિવેટ કરી,ડાઉનલોડ કરી,કલ્ટીવેટ કરવાની જરૂરિયાત ઉભી થઈ છે."

nt:"ઓકે,ઓકે.પણ આવા પ્રોગ્રામમાં બાળકો અને બુઢ્ઢાઓ બંનેને કેમ સંભાળવા? તે બંનેની સમજ આપતા હોય તો સારું!"

dp:"તે તો તું એટેન્ડ કર એટલે ખબર પડે.તું એટેન્ડ કરી આવ પછી વિગતે જણાવજે. ડાયરેકટ નહિ તો ઈંડાયરેક્ટ જ્ઞાન તો મેળવું!

બાકી,હવે ઓનલાઈનના આળસરૂપી રાક્ષસને લીધે,ઝોમેટોની પેટા શાખા-"ખોલોટો(તો)" પણ આવશે! ખાવાની ચીજ-વસ્તુઓ સાથે તે ખવડરનાર પણ આવશે! તને આપેલ એક કોળિયો તેં ચાવી લીધો તેમ જાણતાં,ખવડાવડા આવેલ બોય કે ગર્લ તને કહેશે કે "ખોલોટો"(તો,મોઢું!)

ચાલ,આવજે."

---દિપક બુચ-" dp "અમદાવાદ

**કલમ કડછી બરછીના શરૂઆતના વર્ષોમાં 'આપણા સંસ્કાર નેતાઓ' નામક કોલમ પ્રસિદ્ધ થતી હતી,જેમાં જે તે સમયના મૂર્ધન્ય સાક્ષરોનો પરિચય સર્વશ્રી ઈશ્વરપ્રસાદ જોશીપુરા, ઈશ્વરલાલ દીનાનાથ મહેતા,શ્રી દેવીભાઈ ખારોડ જેવા સાહિત્યવિદ્દો દ્વારા કરાવવામાં આવતો હતો. સાહિત્ય રસિક વાચકોને જાણવામાં રસ પડશે, તેમજ કોઈકને આજે કે ભવિષ્યમાં અભ્યાસ–સંશોધન માટે !પણ ઉપયોગી નીવડી શકે તેવા ઉદ્દેશથી બરછીના આ આખરી વર્ષમાં કેટલાક સાહિત્યકારો–સાક્ષરોના પરિચય આપતી કોલમનું પુનઃમુદ્રણ કરી રહયા છીએ.આ અંકમાં બરછીમાં વર્ષ ૧૯૬૯–ઓગષ્ટના અંકમાં પ્રકાશિત થયેલ શ્રી અનંતપ્રસાદજી વૈષ્ણવનું જીવન વૃતાંત પ્રકાશિત કરી રહયા છીએ.–તંત્રી.**

<u>આપણા સંસ્કાર નેતાઓ :</u>

## ભક્તવર્ય શ્રી અનંત પ્રસાદજી વૈષ્ણવ

સ્વ. અનંતપ્રસાદ ત્રીકમજી વૈષ્ણવનું નામ વર્તમાન પેઢી માટે પ્રમાણમાં ઓછું જાણીતું છે. આજથી સાતેક વર્ષ પહેલાં એટલે કે ૧૯૬૨ના જુલાઈમાં અમદાવાદ ખાતે શ્રી અખંડાનંદ હોલમાં એમની જન્મ શતાબ્દી અંગે એક નાનકડો સંસ્કાર કાર્યક્રમ યોજાયો, ત્યારે જ લગભગ અડધી સદીથી વિસરાઈ ગયેલા આ ભક્તકવિ, કીર્તનકાર, વેદાંત વિદ અને મુત્સદી ની બહુવિધ પ્રતિભાનો આપણને કંઈક ખ્યાલ આવ્યો. વસ્તુતા એ અર્વાચીન કાળમાં આપણી પ્રાચીન પરંપરા મુજબના ભક્તિરસના મનોરમ સુબોધક પદો રચનાર, પૌરાણિક પદ્ધતિ ના કીર્તનો અને આખ્યાનો દ્વારા સમાજમાં ભક્તિભાવ જાગૃત કરી વ્યવહારની મર્માળુ જ્ઞાન આપનાર અનેક શાસ્ત્રીય ગ્રંથો ના ભાષાંતર દ્વારા આવી પેઢી માટે અભ્યાસના દ્વાર ખુલ્લાં કરી આપનાર રાજદ્વારી ક્ષત્રે ઊંચી પદવી પ્રાપ્ત કરવા છતાં સંસ્કાર ગત વિનમ્રતા થી પ્રજાની સેવા કરનાર સ્વ. અનંતપ્રસાદજી વૈષ્ણવનું જીવન અને એમની સાહિત્ય સેવા વર્તમાન પેઢી માટે મનનીય બની રહે છે.




મૂળ માંગરોળ એટલે કે સૌરાષ્ટ્રના વતની પરંતુ રાજકાજ અંગે ઉત્તર ગુજરાતમાં રાધનપુરમાં ત્રણેક પેઢીથી આવીને વસેલા વૈષ્ણવ કુટુંબમાં અનંતપ્રસાદજીનો જન્મ સંવત ૧૯૧૭માં જેઠ વદ અગિયારસના રોજ (સને ૧૮૬૧) થયો હતો. ભક્ત કવિ નરસિંહ મહેતાના કાકા માંગરોળવાસી શ્રી પરબત મહેતાના વંશમાં આ કુટુંબ ઉતરી આવેલું ગણાય છે. કુટુંબના ધાર્મિક સંસ્કારોની દ્રઢ છાપ બાલ્ય કાળથી જ શ્રી અનંતપ્રસાદજી ઉપર પડી. પ્રાચીન ગુજરાતી ભક્ત કવિઓના ભજનો, કીર્તનો, પદો, ગરબીઓ વગેરે કંઠસ્થ કરવામાં અને સુમધુર હલકથી ગાવામાં

આ બાળકને બહુ રસ પડતો. માત્ર બાર વર્ષની નાની ઉંમરે એમણે હિંડોળાના પદો રચ્યાં હોવાનું કહેવાય છે. પિતાને નોકરી અંગે રાધનપુર થી પાલનપુર જવાનું થતા અભ્યાસની તક પણ અનંતપ્રસાદજીને યોગાનુયોગે મળી અને હાઈસ્કૂલના ઉપલા ધોરણો અમદાવાદમાં પુરાં કર્યાં. ૧૮ વર્ષની ઉંમરે રાધનપુર રાજ્યની નોકરીમાં દાખલ થયા અને પોતાની પ્રમાણિકતા તેમજ કર્તવ્યનિષ્ઠાથી ટૂંક વખતમાં જ શિરસ્તેદારના દરજ્જા સુધી પહોંચ્યા. અનેક રાજકીય ખટપટો અને કાવા દાવા વચ્ચે પણ પોતાની બુદ્ધિશક્તિ અને અઠંગ રાજ ભક્તિ થી અંગ્રેજ અમલદારોની ચાહના મેળવી. શ્રી અનંતપ્રસાદજી રાધનપુર રાજ્યના દિવાન દરજ્જે પહોંચ્યા અને ગઈ સદીના આપણા તેજસ્વી મુત્સદીઓની હરોળમાં સ્થાન મેળવ્યું. સારો એવો લૌકિક વૈભવ પણ આ ગાળા દરમિયાન એમને સાંપડ્યો.

પરંતુ સ્વ અનંતપ્રસાદજીની મહત્તા રાજદ્વારી ક્ષેત્રે એમણે મેળવેલી સિદ્ધિ કરતાં સવિશેષપણે એમની વાગમય ઉપાસના ને આભારી છે. પોતે શ્રી પરબત મહેતાના સીધા વંશજ હોવામાં ગૌરવ અનુભવતા અને તેથી જ શ્રી રણછોડરાયને પોતાના ઇષ્ટદેવ તરીકે સ્વીકારી જીવનભર તેની જ ઉપાસના એમણે કરેલી. એમાં રાધનપુર નિવાસ દરમિયાન રામાનુજ સંપ્રદાયના આચાર્ય શ્રીનિવાસ તાતાચાર્યનો સંપર્ક થતાં માતા પિતાને પગલે અનંતપ્રસાદજીએ પણ એ સંપ્રદાયની દીક્ષા લીધી અને વૈષ્ણવ માંથી 'શ્રીવૈષ્ણવ' બન્યા. જીવનમાં ૪૪ વર્ષ બીજાં અનેક વ્યવહારો નિષ્કામ ભાવે ચાલુ રાખીને એમણે સરસ્વતીને ચરણે ધર્યાં. એ દરમિયાન એમણે ભક્ત કવિ નરસિંહ અને દયારામની યાદ આવે તેવાં ભક્ત રસિક પદો આપ્યાં. પૌરાણિક તેમજ ઐતિહાસિક પ્રસંગો ભક્તો ના વિરલ અનુભવો અને એના ચારીત્રોને લગતાં આખ્યાનો આપ્યાં, 'બ્રહ્મસૂત્ર ભાષા'નું હિન્દીમાં ભાષાંતર આપ્યું અને 'રાણકદેવી' જેવી નવી શૈલીની ઐતિહાસિક નવલકથા પણ આપી. શ્રી અનંત પ્રસાદજીનું ઘણું ખરું સાહિત્ય અત્યારે મુદ્રિત સ્વરૂપે સુલભ છે. 'અનંત પદ સંગ્રહ' માં એમની સંખ્યાબંધ કૃતિઓ સચવાઈ છે. સાદી સરળ ભાષામાં દ્રષ્ટાંત સાથે ગૃહસ્થ જીવનના વ્યવહારને કેન્દ્રમાં રાખી શ્રી અનંતપ્રસાદજીનું હરિ ગુણોનો મહિમા કઈ રીતે ગાવા તે નીચેના ઉદાહરણ ઉપરથી જોઈ શકાશે.




સાચું સમજવું તે જ ગણાય જ્યારે વર્તન તેવું થાય,

સુંદર રસોઈ જાણી તેમાં પેટ કદી ન ભરાય
બાજરીનું પણ કરે ઢેબરું ભૂખ તો ત્યારે જાય રે..
ઔષધ કરે અને ચરી પાળે ત્યારે દુઃખ તો જાય રે..
તેમ જ્ઞાન જાણે દિન ન વળે ભજન કરે અઘ જાય.
'અનંત' તેજ ખરા જ્ઞાની જે નિશદિન હરિગુણ ગાય રે,'

આ ઉપરાંત સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી પ્રગટ થયેલ 'આખ્યાન માળા'માં એમનાં કેટલાક જાણીતાં આખ્યાનો ગ્રંથસ્થ થયાં છે. પૌરાણિક ઇતિહાસ, શાસ્ત્રો અને ભક્ત ચરિત્રોના સારા અભ્યાસી હોવાને કારણે વિશાળ શ્રોતાવર્ગ સમક્ષ ગીત વાદ્ય સાથે રજૂ કરી શકાય અને મનોરંજન સાથે જ્ઞાનાંજન કરી શકાય એવાં આખ્યાનો પણ શ્રી અનંતપ્રસાદજીએ સ્વમુખે ગુજરાત સૌરાષ્ટ્રમાં અનેક સ્થળોએ રજૂ કર્યા છે.

ઇ.સ. ૧૯૧૭ના જૂનની ૨૨મી તારીખે શ્રી અનંતપ્રસાદજી વિદેહ થયા, ત્યાર પછી પાંચ વર્ષે તેમના સમગ્ર પદ સાહિત્યના આશરે હજારેક પાનાનો સંગ્રહ 'અનંત પદ સંગ્રહ' એમણે પોતે લખેલા આત્મ વૃતાંત સાથે પ્રગટ થયો છે. તેમના વિશાળ સાહિત્યનો આપણે ત્યાં જોઈએ તેવો અભ્યાસ થયો નથી. એમનું વિપુલ ભક્તિ સાહિત્ય હૃદયંગમ આખ્યાનો, રામાનુજના તત્વજ્ઞાનના સમૃદ્ધ ગ્રંથોના અનુવાદો, એમના પદ્ય લખાણો વગેરેનો અભ્યાસ વધશે તો આ ભક્તવર્યની સાચી પ્રતિભાનો સવિશેષ ખ્યાલ નવી પેઢીને આવશે.

- ઈશ્વરપ્રસાદ જોશીપુરા- એમ.એ.

---

વીતી ગયેલી એક સાંજનો પડછાયો છું.
ચાંદ અને તારલા વચ્ચે હું ઓરમાયો છું.
વહેતા ઝરણામાં પરપોટો બનીને નીકળું,
વંટોળમાં ફેંકાઈ હલેસામાં વહેમાયો છું.
પવનના સૂસવાટામાં વાદળ જેવી જાત,
ઝાંકળ બિંદુના સ્પર્શમાં હું છેતરાયો છું.
રાતરાણીના ફૂલો જેવા શમણાં અધૂરા,
મૃગજળ પાસે ક્યાંક હજુ અટવાયો છું.
છેતરે છે દુનિયાના અજાણ્યા ચહેરાઓ,
એટલે અલગ બધાથી હું એકલવાયો છું.
જાત પણ કેવી અધવચ્ચેથી છોડી દે છે,
કોઈક હાથ લંબાયો,તે તરફ સરકાયો છું.
હકીકતથી વાકેફ છું,જિંદગીના રંગો થી,
માત્ર પીંછીના આકાર જેમ હું રંગાયો છું.
ભૂષિત શુક્લ. M. ૯૬૮૭૦૭૬૦૫૬

---

દર્પણ,,,
"દર્પણ" સામે ઉભી ચહેરો,
જરાક અમથો મલકાયો,
"પ્રશંસાખપેના મનેજરાએ"
હું તો સાચે સાચું કહવાનો,
જે હશે ખરૂં તે સામે ધરીને,
મોંઢામોઢ પરખા'વાનો,
ખોટા કોઈને મેલા ચિતરી,
જુઠ્ઠું હું ના બોલવાનો,
કાળોગોરો જેવો ચિતરાયો,
વગર શરમે હું કહેવાનો,
પરિધાન પહેરેલ ચહેરાને,
વાહ! મુખે બોલા'વાનો,
સાડીબાર રાખુંના સુરજની,
હું પણ આંખો આંજી દેનારો,
નીરવસ્ત્રોને શણગારવાનો,
યશ ના હું લેનારો,
હસતાં સામે રહી હસતોને,
રડતા સામે ના હસવાનો,
અરીસો કહો કે આભલો,
મને કોઈ ના ફેર પડવાનો,
લાખછુપાવો સજીને ચહેરો,
આયનો I,KNOW કહેવાનો!
રાસવિહારી વૈષ્ણવ - મોરપીંછ.

**મન : સમસ્ત રોગનું મૂળ** - જસમીન દેસાઈ 'દર્પણ' રાજકોટ. M. 9428349812

આપણા વિવિધ રોગોનાં જો મૂળ આપણા ખુદમાં છે તો તેની દવા પણ આપણામાં જ છે. હા, માત્ર દવા પ્રત્યે શ્રદ્ધા અને તેનો સતત આયામ જરૂરી છે. ભગવત્ ગીતામાં શ્રીકૃષ્ણએ કહેલું છે કે માનવ શરીર તો એક રથ છે. ઇન્દ્રિયો તેના ઘોડાઓ છે, મન આ રથનો સારથી છે. મન પણ આત્માનો સારથી છે, સઘળું કરાવનાર છે.

શરીર અને મનનો સંબંધ પ્રજા રૂપી શરીર અને મનરૂપી રાજા જેવો છે. મનની મરજી વિના શરીરની કોઈ ક્રિયા થઈ શકતી નથી. આત્મા ચૈતન્ય છે, શરીરમાં આત્માનું મહા પ્રતિનિધિત્વ છે. આવા મનનો પ્રભાવ શરીર ઉપર પડે છે. આથી મનનું અસંતુલન, અશક્તિ, સંતાપ, ઉદ્વેગ વગેરે અવાંછિત મનની પરિસ્થિતિ આપણા રોગનાં મૂળ છે. આમ મન અનેક રોગોનું ઉદ્ભવ સ્થાન છે. આ મનની નબળાઈ એટલે આપણા સ્વ-વિકાસ- શ્રદ્ધાની નબળાઈ. શરીરમાં સુષુપ્ત રહેલ રોગના તત્વો આવી સ્થિતિમાં બહાર આવી, જાણે બળવો પોકારે છે. આમ રોગનું મૂળ શરીર નહીં પરંતુ મન હોય છે.





આ સંબંધે અમેરિકાના રોગ નિષ્ણાંત ડોક્ટર રોબર્ટે કહ્યું છે કે- ઘણા અસાધ્ય રોગોનું મૂળ મનમાં રહેલ ભય, વ્યર્થ ચિંતા- વિચારો, ઉદ્વેગ, વિકાર, અસંતોષ, ઈર્ષા, વેરની ભાવના, ઘમંડ, લઘુતા ગ્રંથિ વગેરે છે. આથી શરીરનો ઈલાજ પ્રથમ તો મનોવૈજ્ઞાનિક રીતે થવો જરૂરી છે. આ અર્થે પતંજલિ યોગ ક્રિયાઓ, ધ્યાન, પ્રાણાયામ વગેરે બહુ ઉપયોગી થાય છે. જેથી મનને એકએ શાંત કરીને સરળતાથી સ્થાપે છે. આમ મનની સ્વસ્થતા અને શરીરની સ્વસ્થતાનું સંતુલન સમજવા જેવું છે.આ સંબંધે વિશેષ જોઈએ તો કેનેડાના શરીર શાસ્ત્રી અને મનોવૈજ્ઞાનિક ડોક્ટર ડેનિયલ ના મંતવ્ય અને અનુભવ મુજબ દરેક પ્રકારના ઈલાજ કરવા છતાં કાબુમાં આવે નહિ તેવો સામાન્ય શરદી રોગ જે ઘણીવાર ભયંકર સ્વરૂપ પકડીને શરીરને નુકસાન પહોંચાડે છે, તે માનસિક તાણ અને અશ્વસ્થતા દૂર થતાં આપોઆપ મટી જાય છે.

આજથી આશરે ૪૫ વર્ષ પહેલા ડો. હેરીએ તો દવા અને ઓપરેશન વિનાની એક નવી ચિકિત્સા સ્પિરીચ્યુઅલ પદ્ધતિ વિકસાવી હતી. જે પદ્ધતિમાં આધ્યાત્મિકતા થકી મનને શાંત સ્થિર વિકાર મુક્ત નિર્મળ રહે છે જેથી કોઈ રોગને 'માથું ઊંચકવાની તક મળતી નથી'. પોતાના પુસ્તક ' ટ્રૂથ ઓલ એબાઉટ સ્પિરીચ્યુઅલ હીલિંગ' માં જે પદ્ધતિ જણાવી છે, તે આપણા ઋષિમુનિઓ અને પતંજલિએ દર્શાવેલ યોગ ક્રિયાઓ જ છે. આપણે તો રામદેવજી મહારાજને નવાજીએ તો તેમણે હવે

લોકોને આ સર્વેથી સામૂહિક સ્વરૂપે જાગૃત કર્યા છે, જેનો લાભ આજના સમયમાં લેવો ખૂબ જ જરૂરી છે. આમ, સ્વસ્થ મન જ મુખ્ય છે આથી જ કહેવાયું છે ને કે- 'મનચંગા (પ્રફુલ્લિત સ્વસ્થ) તો કથરોટ મેં (ઘરમાં જ) ગંગા!' આવી ક્રિયાઓમાં મન આત્માનો સંબંધ બંધાય છે અને શરીરરૂપી રથ સુંદર રીતે ચાલી શકે છે!

અંતમાં, આ સંબંધે એક અદ્ભુત કિસ્સો જાણવા જેવો છે- ઇંગ્લેન્ડની એલિઝાબેથ નામની સ્ત્રીને નાનપણથી જ કમરના મણકાનો દુખાવો હતો. મોટી થતાં તે વધ્યો અને માતા પિતાએ કેટ કેટલી એ દવાઓ કરી છતાં ફેર ન પડ્યો, ત્યારે ખબર મળતાં એલિઝાબેથને તેના પિતા સ્પિરીચ્યુઅલ હીલિંગના પ્રણેતા ડોક્ટર હેરી એડવર્ડ પાસે લઈ ગયા અને મનોવૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા તેની સારવાર થતાં તે તદ્દન સારી સાજી થઈ ગઈ. આમ, મન જ્યારે બહારની પરિસ્થિતિથી પ્રભાવિત થતું હોય ત્યારે તેની સ્થિરતા- દ્રઢતા થકી શરીરમાં રોગના પ્રવેશને રોકી અટકાવી શકાય છે. બસ, આતો સર્વે 'મન મનના કારણો' છે, જે સારાં હોવાં જરૂરી છે, નહીં તો જિંદગી પણ બગડી શકે.




---

## અનંતના યાત્રીઓને શ્રદ્ધાંજલી

રાજકોટ : પ્રભાકરભાઈ વૈષ્ણવ (ઉં.વ.૭૫), સિધ્ધીબેન પ્રકાશભાઈ બુચ, જયશ્રીબેન (જશુબેન) પ્રફુલ્લભાઇ માંકડ,અતુલભાઈ ઘનશ્યામભાઈ વૈષ્ણવ(નિવૃત્ત,ચીફ મેનેજર,બેંક ઓફ બરોડા), પ્રમોદરામ હરસુખરામ ઓઝા(નિવૃત,LIC) સુહાસિનીબેન અશ્વનીભાઈ(અરુણભાઈ)વ્હોરા // જૂનાગઢ: ધ્રુપદભાઈ સત્યેન્દ્રરાય (સતુભાઈ) બુચ (ઉં.વ.૯૦), કાલિન્દીબેન (કુંજબેન) મહેશચંદ્ર રિડાણી, હંસાબેન અરવિંદભાઈ ત્રિવેદી // જામનગર : શ્રીમતી પૂર્ણાબેન જ્યોતિન્દ્રભાઈ રીંડાણી અ.સૌ. ભારતીબેન સુભાષભાઈ રાણા,// મુંબઈ : અવિનાશ (નાનક) વસાવડા (ઉં.વ.૬૨) // બેંગલોર : અનેરી જીજ્ઞેશ વસાવડા (ઉં.વ.૧૮) // વડોદરા : શ્રીમતી તરલાબેન શરદચંદ્ર જીકાર, રાજેષભાઇ જીતેન્દ્રભાઇ વૈષ્ણવ (ઉં.વ.૭૪), નીલમભાઈ બુચ, મા.વ.ચંદ્રિકાબેન સનતકુમાર મુન્શી (મુળ મોરબી ) દેવયાનીબેન ચંદ્રહાસ વછરાજાની, ડો.નંદિની બિપિન ભાઈ કિકાણી, ઉ.૭૮ // અમદાવાદ : ગં.સ્વ. જયકુમારીબેન નવીનચંદ્ર દેસાઈ (ઉં.વ.૯૫), જ્યોત્સ્નાબેન જયવંતભાઈ અંજારીઆ, સૌ. દક્ષા રમેશ વછરાજાની, ભદ્રાયુભાઈ મધુસુદનભાઈ બુચ, ડૉ. સુરેશભાઈ હર્ષદરાય પંડ્યા (ઉં.વ.૮૨) ભારતીબેન પ્રદ્યુમનભાઈ વૈદ્ય,ભુપેન્દ્રભાઈ હિંમતલાલ ઢેબર (રિટાયર્ડ સેલ્સટેક્ષ ઓફિસર-રાજકોટ) //ભાવનગર : ગં.સ્વ.ચૈતન્યબાળા મનરંજન દેસાઈ // માંડવી : વીપીનચંદ સુબોધચંદ્ર અંજારીયા, એડવોકેટ, // શિકાગો (USA) : રાજેન્દ્રભાઈ ચંદ્રલાલ અંજારિયા ( મૂળ મોરબી-ઉં. વ. ૭૬) // કેનેડા : હેમલભાઈ રજનીકાંત બુચ.

## જૂની પેઢીનાં વિસરાઈ ગયેલાં નામો :

- કાવડીયાં–પૈસા
- હાથ ઘરણુ–લગ્નમાં કરાતું વધાવું
- ડામચીયો–ગાદલાં વાળીને રાખવામાં આવે તેવો લાકડાનો આડો ઘોડો –કબાટ.
- ઢીચણીયું–જમતી વખતે ગોઠણ નીચે રાખવામાં આવતો ડટ્ટો–ટેકો.
- શીરામણ–સવારનો નાસ્તો
- રોંઢો–બપોરનો નાસ્તો
- વાળુ–રાતનું જમવાનું
- સીકુ–શાકભાજી બગડે નહિં તે માટે લટકાવી શકાય તેવું સ્ટીલનું ચોરસ ખુલ્લું બોક્ષ
- તરકારી–શાકભાજી
- ગોઠ–નાના ગામના છોકરાંઓ પીકનીક ઉપર જાય તે.
- હટાણું –નાના ગામમાં અમુક ચીજ વસ્તુ બાજુના નજીકના ગામમાં લેવા જવું
- મસોતું–રસોડું સાફ કરવાનો કપડાનો ભીનો કટકો
- મગ–બાફણાં–અગાઉના વખતમાં લગ્નની જમણવાર માટે રસોઈ બનાવવા માટે ચૂલમાં વપરાંતાં લાકડાંને મગ બાફણા કહે..કારણ કે સ્મશાનમાં ચિતા ઉપર રાખવા લાકડાં બોલે.

હવે કરો આ ગુજરાતીનું અંગ્રેજી! :

વેવાઈ–વેવાણ,પાટલા સાસુ,સાળાવેલી,આણું, જીયાણુ,કરીયાવર,છાબ,દિવાસો,મોળાવ્રત, કાજળી, સેજેલ!

–હરદેવભાઈ માંકડ–૯૫ વર્ષ–જામનગર.

* * *

- કોઈને મનમાં રાખવું, કોઈનું મનમાં ન રાખવું.
- વિવાદ કરતાં સંવાદથી કોઈ પણ પ્રશ્નનો ઉકેલ સરળતાથી આવે છે.
- સત્યને એક માણસ નથી મળતો. અફવાઓને ટોળાં મળી જાય છે



**મારે શ્રાવણ મહિનાના એકટાણા,**

એકટાણા એવા કેટલા ટાણા ,
મારે શ્રાવણ મહિનાના એકટાણા,
સવારના પહોરમાં દૂધ પીધું કઢેલું,
નાખીને એલચીના દાણા રે ,
મારે શ્રાવણ મહિનાના એકટાણા,
દસ વાગે ત્યાં ભૂખ જ લાગી,
શેકી ખાધા શીંગદાણા રે,
મારે શ્રાવણ મહિનાના એકટાણા ,
બપોરે ખાધી ડઝન રોટલી,
ફરસાણ, મિષ્ટાન ને અથાણા રે
મારે શ્રાવણ મહિનાનાએકટાણા
ચાર વાગે ચા પાણી રે પીધા ,
સાથે ફરાળી ચેવડો રે,
મારે શ્રાવણ મહિનાના એકટાણા,
સાત વાગે હવે મારે શું ખાવું,
શીરો અને સાબુદાણા રે ,
મારે શ્રાવણ મહિના ના એકટાણા,
રાત્રે દસ વાગે દૂધ જ પીધું,
સુઈ ગઈ હું નિરાંતે રે ,
મારે શ્રાવણ મહિનાનાં એકટાણા
ભગવાન ભાવેથી ના રે ભજાણા
એવા કર્યા એકટાણા રે ,
મારે શ્રાવણ મહિનાના એકટાણા .

- ઉષા ઠાકોર, મુંબઈ M. 98331 81575

# ◀◀ ABM TRAVELS ▶▶

Discover your choice of destination in 2024,
we will make customized tour plan as per your requirement with
choice of selected hotels/resorts, top conditioned AC vehicles
with courteous drivers and lots of sightseeing for your comfortable
and stress free holidays- Chalo Jaldi Taiyar thai jav.

● Shimla Manali ● Dalhousie ● Dharamshala ● Amritsar ● Vaishnodevi
Ladakh ● Kashmir ● Nainital ● Corbet ● Mussoorie ● Darjeeling
● Gangtok ● Ooty Coorg ● Kerala ● Lakshadweep ● Andaman
● Guwahati ● Shilong ● Arunachal ● Rajasthan ● MP ● south India ● Goa
■ Nepal Dubai ■ Singapore ■ Thailand ■ Malaysia
■ Bali ■ Maldives ■ Mauritius ■ Vietnam
Religious places and many more.

**Avinash Mehta**
9820817318
abmtravels@gmail.com


Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.


## જય હાટકેશ જ્યોતિષ કાર્યાલય

**શાસ્ત્રી ચંદ્રવદન એન. રાવલ**

જ્યોતિષરત્ન, કર્મકાંડાચાર્ય, એસ્ટ્રોલોજર
સત્યનારાયણની કથા, વાસ્તુ પૂજન, લગ્ન, નવચંડી, લઘુરૂદ્ર, કાલસર્પ દોષ/ નવગ્રહ/ નક્ષત્ર શાંતિ, પ્રાણપ્રતિષ્ઠા, નારાયણબલિ, માતૃગયા, ઉત્તરક્રિયા, કર્મકાંડ ભાગવત પારાયણ તેમજ દરેક ધાર્મિક કાર્ય માટે
સંપર્ક કરો : એફ–૧૫,સ્વયંભૂ એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે આંબાવાડી, અમદાવાદ–૧૫. મો. ૯૮૨૪૬૯૩૭૬૦



**નારાયણબલી તથા માતૃશ્રાદ્ધ માટે**
**નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુક્લ**
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,
સિદ્ધપુર(પાટણ)
ફોન : ૦૨૭૬૭–૨૨૧૯૩૫
મો. ૯૮૨૪૩૧૧૬૦૯/૮૮૪૯૦૦૨૭૬૯


નીચેની એડ્રેસ સ્લીપમા જેમને Renewed up to 7/2024 હોય તેમનું લવાજમ આ માસમાં પૂરું થાય છે. મોકલી આપી સહકાર આપશો.

BOOK POST


તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.